eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 161
September 19, 2008

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ



ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૩૦–૦૯–૨૦૦૮ થી તા. ૦૯–૧૦–૨૦૦૮ દરમ્યાન આયોજીત ફૂડફેસ્ટીવલમાં રાસ–ગરબા સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૩૦–૦૯–૨૦૦૮ થી તા. ૦૯–૧૦–૨૦૦૮ દરમ્યાન આયોજીત ફૂડફેસ્ટીવલમાં રાસ–ગરબા સ્પર્ધા સાંજે ૭.૩૦ કલાકે કૃષ્ણકુંજ(અઠવા) પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન(કતારગામ) ની કામગીરી

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં, શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સરદાર વલ્લભભાઈ મ્યુઝિયમની કામગીરી

ટુરિઝમ રાષ્ટ્રિય સ્તરે પ્રમોટ કરવા તા. ૨૯–૦૮–૨૦૦૮ થી તા. ૩૧–૦૮–૨૦૦૮ સુધી પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ ખાતે "ટ્રાવેલ્સ એન્ડ ટુરિઝમ ફેર" નું રાષ્ટ્રિય પ્રદર્શનનું આયોજન કરવામાં આવી હતી. જેમાં વિવિધ રાજયોનાં ૬૩ જેટલા સ્ટોલમાં વિવિધ રાજયોની ટુરિઝમ વિશેની માહિતી પ્રદર્શિત કરવામાં આવી હતી. આ પ્રદર્શનમાં સુરત મહાનગરપાલિકાને પણ એક સ્ટોલ ફાળવવામાં આવ્યો હતો. જેમાં ૧૬ પેનલો ડિસ્પ્લે કરવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા)માં નવા સમાવિષ્ટ મોટા વરાછા વિસ્તારમાં આવેલ ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૪ (મોટા વરાછા), બ્લોક નં. ૧૭૬ પૈકી / ૧૭૯ પૈકી ફા. પ્લોટ નં. ૩૮/બ માં આવેલ હરિઓમ સોસાયટી ના બાંધકામના લે–આઉટ પ્લાન સુડા ધ્વારા મંજુર કરવામાં આવેલ હતા, સદર મંજૂર પ્લાન વિરૂધ્ધ સી.ઓ.પી.માં આશરે ૪૫'×૯૦' માપ વિસ્તારમાં ચણતરની દિવાલો લઈ લીન્ટલ લેવલ સુધીનું તથા ૪૫'×૪૦' માપ વિસ્તારમાં પ્લીન્થ લેવલ સુધીનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ હતુ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન(કતારગામ) ની ડીમોલીશન અંગેની કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૭–૦૯–૨૦૦૮નાં રોજ શહેર વિકાસ ખાતા/ દબાણ ખાતા/ પાણી ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરી તેમજ ડાંઈગ મીલોનાં પાણીના કનેકશનો બંધ કર્યા અંગેની કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ આજ તાઃ૧૩/૦૯/૨૦૦૮ ના રોજ આદર્શ પ્રાથમિક શાળા, પોલીસચોકી સામે, ગોડાદરા, સુરત ખાતે સવારે ૦૯:૩૦ કલાક થી બપોરે ૨:૦૦ કલાક દરમ્યાન આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.




મા.મેયરશ્રી રણજીત ગીલીટવાળાએ દીપ પ્રાગટય કરી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કર્યો હતો.આ પ્રસંગે રૂગ્ણાલયો, વૈદકીયરાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષભાઈ શિવશકિતવાળા, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિ અધ્યક્ષ શ્રીમતિ સુમનબેન પાટીલ, વોર્ડ નં. ૩૦ ડીંડોલીના મ્યુ.સદસ્યશ્રી દયાશંકરસીંઘ, વોર્ડ નં.૩૬ ના મ્યુનિ.સદસ્યશ્રી ડો.શરદભાઈ ચૌધરી, શ્રીયજુવેન્દ્રભાઈ દુબે, ડે.કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પી.) ડો.આઈ.સી.પટેલ, આરોગ્ય અધિકારીશ્રી ડો.હેમંત દેસાઈ, લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી એ.જી.ખાટીવાલા, નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.કે.નિગમ / ડો.વી.વી.પરમાર,નવા નગર શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પીટલ)એ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ. પ્રાંસગિક પ્રવચનમાં આ વિસ્તારના રહીશોને વિના–મૂલ્યે નિદાન / સારવાર કેમ્પનો લાભ લેવા તથા આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી રોગચાળો થવાના કારણો અને અટકાતના પગલા અંગે જાણકારી મેળવવા જણાવ્યુ હતુ.

મા.મેયરશ્રી રણજીત ગીલીટવાળાએ પ્રાસંગિક પ્રવચનમાં શહેરના ગરીબ નાગરિકોની તંદુરસ્તી જળવાય તે હેતુસર વિના–મૂલ્યે મેડીકલ કેમ્પોનું આયોજન કરવા બદલ મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી હતી.સુરત મહાનગરપાલિકા મારફતે ગરીબ/સ્લમ વિસ્તારના નાગરીકોને આરોગ્ય સેવાનો લાભ મળી શકે તે માટે તેઓના ઘર આંગણે આવા કેમ્પો/ આરોગ્ય લક્ષી પ્રદર્શન યોજવામાં આવે છે જેનો લાભ લેવા તથા નાગરીકોને સ્વચ્છતા પરત્વે વધુ સજાગ થવા અનુરોધ કર્યો હતો.

મેડીકલ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો ગોડાદરા વિસ્તારના ૭૩૭ લાભાર્થીઓએ લાભ લીધો હતો.જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૬૦ ચામડીના નિષ્ણાત દ્વારા ૧૪૦ સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૨૭ બાળરોગ નિષ્ણાત દ્વારા ૧૪૦ ફિઝીશ્યન દ્વારા ૧૪૪ અને સર્જન દ્વારા ૮૬ અન્ય ૧૪૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.લેબ.ટેકનીશીયન દ્વારા ૧૭ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા ૩૦ ઓ.આર.એસ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૨૨૦ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ,નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે પાણી જન્ય,પાણી સંલગ્ન, એઈડઝ,ટી.બી., મેલેરીયા વિ.રોગ વિષેના પોષ્ટરો,બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા પોતાના વિભાગ વિષે જાણકારી આપી ૨૮૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.વાહકજનિક રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોની લાઈફ સાયકલનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૬૦ ઓરલ પીલ્સ ૪૨ પેકેટ વિતરણ કરી કોપર–ટી મુકાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી તથા ૪૦૫ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૫૦ બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૧૨૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ ઉપરાંત વિવિધ ઝોનમાં શહેરી આરોગ્ય કેન્દ્રો દ્વારા ભેવનેશ્વરી કોલોની ઉગત, બહેરામુંગાની શાળા અંબિકા નિકેતન અઠવા લાઈન્સ, પ્રગતિ મંડળની ઓફીસ બડેખા ચકલા, રિવરવ્યુ સોસા. ફુલવાડી ભરીમાતા સીંગણપોર અને ફુલપાડા અટલજી નગર જેવા જુદા–જુદા સ્લમ વિસ્તારમાં કરવામાં આવેલ કેમ્પોમાં ૯૦૭ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિ.) ડો. આઈ.સી.પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો. હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધ:** આગામી વિના મુલ્યેઆરોગ્ય નિદાન /સારવાર કેમ્પ તારીખ ૨૦/૦૯/૦૮ના રોજ સમર્પણ હોસ્પીટલ, યોગીચોક, પુણા–સીમાડા રોડ, ખાતે રાખવામાં આવેલ છે.જેનો સુરત શહેરના તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૩૦–૦૯–૨૦૦૮ થી તા. ૦૯–૧૦–૨૦૦૮ દરમ્યાન આયોજીત ફૂડફેસ્ટીવલમાં રાસ–ગરબા સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૩૦–૦૯–૨૦૦૮ થી તા. ૦૯–૧૦–૨૦૦૮ દરમ્યાન આયોજીત ફૂડફેસ્ટીવલમાં રાસ–ગરબા સ્પર્ધા સાંજે ૭.૩૦ કલાકે કૃષ્ણકુંજ(અઠવા) પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે. જેમાં સુરત શહેરની હદમાં આવેલ માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થી /વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ મુગલીસરા, સુરત મહાન નગર સેવા સદનની મુખ્ય કચેરીની સામે આવેલ કાશ્મીરા બિલ્ડીંગ સ્થિત, સાંસ્કૃતિક વિભાગમાંથી રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન મળી શકશે. આ સ્પર્ધાના પ્રવેશપત્રો આપવાની તથા સ્વીકારવાની અંતિમ તારીખ ૨૦–૦૯–૨૦૦૮ રાખવામાં આવી છે.

TOP

## નોર્થ ઝોન(કતારગામ) ની કામગીરી

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં, તા. ૧૧–૦૯–૨૦૦૮નાં રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

નોર્થઝોન(કતારગામ) વિસ્તારનાં ટી.પી. સ્કીમ નં. ૩૫ (કતારગામ), ફા. પ્લોટ નં. ૨૮ પૈકીમાં આવેલ કુસુમ પાર્ક સોસાયટીના સી.ઓ.પી. વાળી જગ્યામાં હયાત ભોંયતળીયાના લેવલ સુધીના બાંધકામમા સ્લેબ ભરવાના ઈરાદે ૭૦૦ ચો.ફૂટ માપ વિસ્તારમા કરેલ સેન્ટીંગ શટરીંગ તેમજ હાલમા ઉભા કરવામાં આવેલ આર.સી.સી. કોલમો દુર કરવામાં આવેલ છે.

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં, તા. ૧૫–૦૯–૨૦૦૮નાં રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ), ફા. પ્લોટ નં. ૮૫ માં રાધેશ્યામ શોપીંગ સેન્ટર પહેલા માળે સ્લેબ ભરવાના ઈરાદે શરૂ કરેલું લગભગ ૨૫૦ ચો.ફુટ કરેલું સેન્ટરીંગ શટરીંગ દુર કરવામાં આવેલ છે. આ ડીમોલીશન કામગીરીના પેટે મિલ્કશ્તદાર પાસેથી રૂા. ૩,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

(૨) ટી.પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ), ફા. પ્લોટ નં. ૮૬ માં રાધેશ્યામ સોસાયટી,સબ પ્લોટ નં. સી–૭૮, બીજા માળે સ્લેબ ભરવાના ઈરાદે શરૂ કરેલું લગભગ ૮૦૦ ચો.ફુટ કરેલું સેન્ટરીંગ શટરીંગ દુર કરવામાં આવેલ છે. આ ડીમોલીશન કામગીરીના પેટે મિલ્કતદાર પાસેથી રૂા. ૨,૫૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

(૩) ટી.પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ), ફા. પ્લોટ નં. ૨૭ માં હરીઓમ સોસાયટી,સબ પ્લોટ નં. સી–૫૫,૫૬માં પહેલા માળે સ્લેબ ભરવાના ઈરાદે શરૂ કરેલું લગભગ ૬૬૦ ચો.ફુટ કરેલું સેન્ટરીંગ શટરીંગ દુર કરવામાં આવેલ છે. આ ડીમોલીશન કામગીરીના પેટે મિલ્કતદાર પાસેથી રૂા. ૩,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સરદાર વલ્લભભાઈ મ્યુઝિયમની કામગીરી

ટુરિઝમ રાષ્ટ્રિય સ્તરે પ્રમોટ કરવા તા. ૨૯—૦૮—૨૦૦૮ થી તા. ૩૧—૦૮—૨૦૦૮ સુધી પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ''ટ્રાવેલ્સ એન્ડ ટુરિઝમ ફેર'' નું રાષ્ટ્રિય પ્રદર્શનનું આયોજન કરવામાં આવી હતી. જેમાં વિવિધ રાજયોનાં ૬૩ જેટલા સ્ટોલમાં વિવિધ રાજયોની ટુરિઝમ વિશેની માહિતી પ્રદર્શિત કરવામાં આવી હતી. આ પ્રદર્શનમાં સુરત મહાનગરપાલિકાને પણ એક સ્ટોલ ફાળવવામાં આવ્યો હતો. જેમાં ૧૬ પેનલો ડિસ્પ્લે કરવામાં આવી હતી, જેમાં સુરતની ઐતિહાસિક ધરોહર તેમજ મુઘલસરાઈ, સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિમ, આતશ બહેરામ, કલોક ટાવર, સરસ્વતિ મંદિર, બ્રિટીશ ડચ અને આર્મેનિયમ સિમેટ્રી, કિલ્લો, ચિંતામણી જૈન મંદિર, કુવેતે ઈસ્લામ મસ્જિદ જેવા ઐતિહાસિક સ્થળોની વિગતો ઉપરાંત સુરત મહાનગર પાલિકા અને તેના ધ્વારા પુરી પાડવામાં આવતી વિવિધ સગવડોની વિગતો, તેમજ વિવિધ પ્રોજેકટસ જેવાં કે સાયન્સ સેન્ટર, સરથાણા નેચરપાર્ક, ગોપીતળાવ, ફલોરપાર્ક, બટરફલાય પાર્ક, એકવેરીયમ, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ અને ઓડીટેરીયમ, સરદાર સ્મૃતિ ભવન વિગેરેની વિગતો ડિસ્પ્લે કરવામાં આવેલ.




તા. ૩૧ મી ઓગષ્ટ નાં રોજ સદર પ્રદર્શનનાં સમાપન સમારોહમાં વિવિધ કેટેગરી મુજબ જુદી જુદી સંસ્થાઓને એવોર્ડ આપવામાં આવ્યા હતાં જેમાં સુરત મહાનગરપાલિકાને પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ, ગ્રામવિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનાં માનનીય મંત્રી શ્રી નરોત્તમભાઈ પટેલનાં શુભહસ્તે સુરત મહાનગરપાલિકાને બેસ્ટ ઈનફોર્મેટીવ સ્ટોલનો એવોર્ડ અપર્ણ કરવામાં આવ્યો હતો. આ પ્રદર્શન અંદાજીત ૨૫૦૦૦ લોકોએ નિહાળ્યું હતું.

TOP

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા)માં નવા સમાવિષ્ટ મોટા વરાછા વિસ્તારમાં આવેલ ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૪ (મોટા વરાછા), બ્લોક નં. ૧૭૬ પૈકી / ૧૭૯ પૈકી ફા. પ્લોટ નં. ૩૮/બ માં આવેલ હરિઓમ સોસાયટી ના બાંધકામના લે–આઉટ પ્લાન સુડા ધ્વારા મંજુર કરવામાં આવેલ હતા, સદર મંજૂર પ્લાન વિરૂધ્ધ સી.ઓ.પી.માં આશરે ૪૫'×૯૦' માપ વિસ્તારમાં ચણતરની દિવાલો લઈ લીન્ટલ લેવલ સુધીનું તથા ૪૫'×૪૦' માપ વિસ્તારમાં પ્લીન્થ લેવલ સુધીનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ હતુ. સી.ઓ.પી. માં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરવા મિલ્કતદારને મનાઈ હુકમ તથા સો કોઝ નોટિસ આપવામાં આવેલ હતી. તેમ છતાં ઉકત ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં નહીં આવતા પૂર્વ ઝોન (વરાછા) ધ્વારા સી.ઓ.પી. માં થયેલ બાંધકામ દુર કરી આશરે ૫૮૫૦ ચો.ફુટ ખુલ્લી કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી પૂર્વ ઝોન ના દબાણ ખાતાના સ્ટાફ તથા જે.સી.બી. મશીન ધ્વારા પાર પાડવામાં આવે છે.

TOP

## નોર્થ ઝોન(કતારગામ) ની ડીમોલીશન અંગેની કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૭–૦૯–૨૦૦૮નાં રોજ શહેર વિકાસ ખાતા/ દબાણ ખાતા/ પાણી ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરી તેમજ ડાંઈગ મીલોનાં પાણીના કનેકશનો બંધ કર્યા અંગેની કામગીરીની વિગત નીચે મુજબ છે.

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં ટી. પી. સ્કીમ નં.૨૪ (ટુંકી), નાની બહુચરાજી મંદિર પાસે હયાત ગ્રાઉન્ડ ફલોર, પહેલો માળ ઉપર બીજો માળ બનાવવાના ઈરાદે શરૂ કરેલા આશરે ૬૦૦ ચો. ફુટ જેટલા માપ વિસ્તારના સ્લેબનું સેન્ટીંગ શટરીંગ તથા આર. સી. સી. કોલમો દુર કરી ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દશ હજાર પુરા) વસુલ લેવામાં આવેલ છે.

વધુમાં નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં વેડ રોડ પર આવેલ હરીઓમ ડાંઈગ તેમજ મોતી ડાંઈગ નિયત માત્રાથી વધુ પ્રદુષણ ફેલાવતાં હોય ગુજરાત પોલ્યુશન કંન્ટ્રોલ બોર્ડના તા.૧૦–૦૯–૨૦૦૮નાં પત્ર નં.સીસીએ/એસઆરટી–૪૩૪/૨૯૧૭ તથા જી.પી.સી.બી./ સી.સી.એ/ એસઆરટી–૬૦૬/૨૧૮૯૫ થી તાત્કાલિક ધોરણે સદર ડાંઈગ હાઉસના પાણીના કનેકશનો બંધ કરવા જણાવેલ, જે અન્વયે ડ્રેનેજ ઈજનેરશ્રીનો મૌખિક સૂચના મુજબ આપનાં તા.૧૭–૦૯–૨૦૦૮ના રોજ ઉકત બંને ડાંઈગ હાઉસના પાણીના કનેકશનો નોર્થ ઝોન (કતારગામ) પાણીખાતા ધ્વારા કાપી બંધ કરવામાં આવેલ.

TOP